# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-10-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## કોટડા ચાંદરાણી ખાતે નવનિર્મિત નંદઘરનું લોકાર્પણ

**અંજાર તાલુકાના કોટડા ચાંદરાણી ગામે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત દ્વારા નવનિર્મિત 'નંદ ઘર'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ શેડના કામનું ખાતમૂહુર્ત તેમજ ગ્રામજનો માટે 'આરોગ્ય સેતુ હેલ્થ કેમ્પ'નો શુભારંભ કરાવ્યો હતો.**

**આ અવસરે રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીના માર્ગદર્શનથી ગુજરાતના ગામડાઓ સુવિધા સંપન્ન બની રહ્યા છે. પાયાનું શિક્ષણ નંદ ઘરથી શરૂ થાય છે તેમ જણાવી તેમણે સામૂહિક વિકાસ પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ સહિત અનેક અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.**

**-----------------------------------------------------------------------------------------**

## ખાવડા ખાતે શિક્ષકોની સેવાકીય બાબતોનો સ્થળ પર જ નિકાલ

**'સેવા સંકલ્પ' અંતર્ગત ભુજ તાલુકા પંચાયતની શિક્ષણ શાખા દ્વારા ખાવડા ખાતે યોજાયેલા કેમ્પમાં અંતરિયાળ વિસ્તારના ૨૦૦ જેટલા શિક્ષકોની સેવાકીય બાબતોનો સ્થળ પર જ નિકાલ કરાયો હતો.**

**જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ અને પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમારના માર્ગદર્શન હેઠળ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નીલેશ ગોરની ટીમ**

**દ્વારા બન્ની પચ્છમ વિસ્તારના શિક્ષકોની રજા, ઈજાફા, સર્વિસ બુક વગેરે બાબતોના પ્રશ્નો ઉકેલાયા હતા. શિક્ષકોને ભુજ સુધી ન આવવું પડે તેવા આ નવતર અભિગમને શિક્ષક સંગઠને બિરદાવ્યો હતો.**

**------------------------------------------------------------------------------------------**

<u>સેવા સંલ્કપ અભિયાન વિશેષ શ્રેણી</u>

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ થયા છે. સુશાસન અને જનસેવાના મંત્ર સાથે સરકાર વિકસિત ભારતના નિર્માણ તરફ આગળ વધી રહી છે. આજે અમારી વિશેષ શ્રેણીમાં જાણીશું કે વકફ સુધારા અધિનિયમથી કેવું પરિવર્તન આવ્યું છે.**

**(વોઇસ કાસ્ટ : શિતલ વૈષ્ણવ)**

**વકફ (સુધારા) અધિનિયમ, 2025ને ઐતિહાસિક વિધેયક ગણાવતા પ્રધાનમંત્રીનરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, સંસદનાં બંને ગૃહોમાં 'વકફ (સુધારા) વિધેયક' અને 'મુસ્લિમ વકફ (નિરસ્તીકરણ) વિધેયક' પસાર થવું એક ઐતિહાસિક ક્ષણ છે. દાઉદી વહોરા સમુદાય સાથેની વાતચીત દરમિયાન પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, મુસ્લિમ મહિલાઓ અને મુસ્લિમ સમુદાયના અન્ય લઘુમતી વર્ગો સાથે થયેલા અન્યાયને ધ્યાનમાં લઈને તેની સમીક્ષા કર્યા બાદ આ કાયદો ઘડવામાં આવ્યો છે.**

**(બાઇટ : નરેન્દ્ર મોદી)**

**કેન્દ્ર સરકારે વકફ કાયદામાં સુધારા કરીને વકફ બોર્ડની સત્તાઓમાં જરૂરી ફેરફારો કર્યા છે. મિલકતો પરના દાવાઓની તપાસ, હાઇકોર્ટમાં અપીલની જોગવાઈ અને ડિજિટાઇઝેશન પરના ભાર દ્વારા સરકારનો હેતુ વકફ મિલકતોના સંચાલનમાં**

પારદર્શિતા વધારવાનો, સરકારી જમીનના હિતોનું રક્ષણ કરવાનો અને મિલકત સંબંધિત વિવાદોના નિરાકરણને વધુ વ્યવસ્થિત બનાવવાનો છે.

શિતલ વૈષ્ણવ, આકાશવાણી સમાચાર ભુજ

---------------------------------------------------------------------------------

## વૈજ્ઞાનિક પ્રદર્શન

આગામી દિવાળી પર્વ ૨૦૨૬ નિમિત્તે ભુજ શહેર અને તાલુકામાં એક્સપ્લોઝીવ રૂલ્સ મુજબ ફટાકડાના વેચાણ માટે હંગામી લાયસન્સ આપવાની પ્રક્રિયા મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા શરૂ કરવામાં આવી છે.

માધાપર, સુખપર, મિરજાપર અને ભુજ શહેરના ઇચ્છુક વિક્રેતાઓએ મુન્દ્રા રોડ સ્થિત તાલુકા સેવા સદન ખાતેથી અરજી ફોર્મ મેળવી, સોગંદનામું અને ફી સાથે આગામી ૨૨ ઑક્ટોબર ૨૦૨૬ સુધીમાં કચેરીમાં અરજી જમા કરાવવાની રહેશે. સમયમર્યાદા બાદ આવેલી અરજીઓ ધ્યાનમાં લેવાશે નહીં તેવું યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------

## ફટાકડાના વેચાણ માટે હંગામી લાયસન્સ

કચ્છ જિલ્લામાં જીસીઈઆરટી અને ડાયેટ ભુજના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા વધારવા માટે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનો યોજવામાં આવ્યા હતા.

રામપર-વેકરા ખાતે “ટકાઉ અને વિકસિત ભારત માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને ઇનોવેશન” વિષય પર એક દિવસીય પ્રદર્શન યોજાયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બીજી તરફ, ગાંધીધામ ખાતે યોજાયેલા પ્રદર્શનમાં ૫૦ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લઈને કુલ ૬૮ આકર્ષક કૃતિઓ રજૂ કરી હતી.

**કૃત્રિમ બુદ્ધિમત્તા, હરિત ઊર્જા અને પર્યાવરણ સંરક્ષણ જેવા આધુનિક વિષયો પર આધારિત આ આયોજનોથી વિદ્યાર્થીઓમાં તાર્કિક વિચારસરણી, સર્જનાત્મકતા અને સંશોધનવૃત્તિને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું**

**------------------------------------------------------------------------------------------**

<u>નવરાત્રિ પર્વ દરમિયાન બી-ડિવિઝન પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ સઘન</u>

**નવરાત્રી પર્વ દરમિયાન ભુજ શહેરમાં મહિલાઓ અને યુવતીઓ નિર્ભયતાથી ગરબા માણી શકે તે માટે ભુજ બી ડિવિઝન પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવ્યું છે. પીઆઈ એસ.એમ. રાણાના માર્ગદર્શન હેઠળ પોલીસ અને મહિલા કર્મચારીઓની ટીમ ગરબા મંડળોની મુલાકાત લઈ આયોજકો સાથે સંવાદ કરી રહી છે.**

**------------------------------------------------------------------------------------------**